ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 27th April, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

........................................................................, ભાવનગર.

લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા મનોરંજન સાથે જ્ઞાન, તોડ-ફોડ-જોડ અને ગણિતના મોડેલો દ્વારા

## વેકેશનના સમયને જ્ઞાનવર્ધક બનાવતા શહેરના ૨૪૨ વિદ્યાર્થીઓ.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાન સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતિ લાવવા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી માટે અનેકવિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

વેકેશન દરમ્યાન વિધાર્થીઓમાં રમુજ સાથે જ્ઞાન મળતું રહે તેવા આશયથી લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા શહેરની શ્રી તેજસ્વી પ્રાથમિક શાળા, શ્રી વિદ્યાવિહાર હાઈસ્કુલ, શ્રી ગૌતમ બુદ્ધ પ્રાથમિક શાળા નં. 55, શ્રી સરદાર પટેલ પ્રાથમિક શાળા નં. ૬૯ અને જ્ઞાન દર્શન ઇન્સ્ટીટ્યુટ, ચિત્રા ખાતે વેકેશન સમર કેમ્પ ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના કોર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષી અને સાયન્સ કોમ્યુનીકેટર શ્રી ગોપીકાબેન દવે દ્વારા પ્રત્યેક શાળામાં ચાર દિવસીય વર્કશોપ દરમ્યાન માનવ શરીરીની રચના સમજાવી શરીરના આંતરિક અને બાહ્ય અંગોનું મોડેલ મેકિંગ, ગણિત વિષયને વધુ સરળ બનાવા માટે આભાસી ત્રિકોણ, ધ મેઝીક સ્ક્વેર ઓફ રામાનુજ અને $(a + b)^2 = a^2 + 2ab + b^2$ જેવા ગાણિતિક સુત્રોના સરળ મોડેલ, સૂર્ય ઊર્જા અને પુનઃ પ્રાપ્ય ઊર્જાને સમજવા સોલાર કુકર, સોલાર સ્ટીલ, સોલાર ડ્રાયરના મોડેલ ઉપરાંત ભાવનગર જીલ્લામાં જોવા મળતા વિવિધ પક્ષીઓનો પરિચય આપી ત્યાર બાદ વિઝ્યુલ પક્ષી પરિચય ક્વીઝ જેવા નવીનતમ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને મનોરંજન સાથે જ્ઞાન, તોડ-ફોડ-જોડ વિચાર સાથે કૈક નવું કરવાની પ્રેરણા અને ગણિતના મોડેલો દ્વારા વિદ્યાર્થીમાં અભ્યાસ પ્રત્યે રૂચી વધે તેવા પ્રયત્નો કરવામાં આવેલ.

આ વેકેશન સમર કેમ્પ ૨૦૧૭માં કુલ ૨૪૨ વિદ્યાર્થીઓએ જોડાઈને વેકેશનના સમયને જ્ઞાનવર્ધક બનાવેલ. વેકેશન સમર કેમ્પના આયોજન માટે ઉપરોક્ત શાળાઓના આચાર્ય શ્રીઓ, સંચાલો અને સમગ્ર સ્ટાફ સહાયક તરીકે ઉપસ્થીત રહી કાર્યક્રમને સફળ બનાવા માટે પ્રયત્નો કરેલ. આ જ પ્રકારનો સહકાર ભવિષ્યમાં પણ મળતો રહે જે બાબતો લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન શ્રીની યાદીમાં જણાવેલ છે.

27.4.17

(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.